DS-1901010101062201 Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) (WEF-2019) Examination

**April - 2022**

## Gujarati : Paper-XXII

*('અપઠિત, ગદ્ય-પદ્ય વિવરણ, નિબંધ')*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પાંચ પ્રશ્નના ઉત્તર આપો.
(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચે આપેલ કાવ્યનો આસ્વાદ કરાવો. **14**

જે ભાષામાં વ્હાલ કરીને મા હાલરડું ગાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી
પા પા પગલી ભરતા ભરતા જે હૈયે ઘૂંટાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષાને મીરાંબાઈએ મોર મુગુટ પહેરાવ્યો
માણ વગાડી પ્રેમાનંદે સૂર શબદ લહેરાવ્યો
જે ભાષાને પ્રભાતિયાંથી નરસૈયાએ કાંતિ
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષામાં સપનાં જોતા ગાંધી ને સરદાર
જે ભાષામાં ઉતરી આવી સોરઠની રસધાર
જે ભાષામાં અખ્ખાના છપ્પાએ કાઢી છાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષાને અંધકારમાં દિસે અરૂણ પ્રભાત
એ ભાષાને આંગણ ઉગે વિશ્વશાંતિની વાત
જે ભાષાની વાત જગતમાં જાય વાયરે વાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

- કૃષ્ણ દવે

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. 14

કદી નહિ કહું, મને જ સ્મરણે સદા રાખજે
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;
પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં,
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.

પરસ્પર કરી કથા રજની ને દિનો ગાળિયા;
અનેક જગતો રચી સ્વપ્નમાં, વળી ભાંગિયા.
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યા;
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યા.

મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજની ને દિનો આપણા;
રચે સ્વપ્ન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યા.

છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.

- પ્રહ્લાદ પારેખ

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. 14

'કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે. એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે ક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે જુએ-બતાવે તે જ કલ્પનાનેત્ર, ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજા કાને નીકળી જવાની પ્રકૃતિવાળા શબ્દઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નમાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ છે. નવું, સંગીન અને બિનંગત ઉપજાવે તે તે સાહજિક સૌન્દર્ય સેવક જ કવિ.'

- બ. ક. ઠાકોર

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. 14

'ધર્મને નામે જગતમાં જેટલા યુદ્ધો, લડાઈઓ, ઝઘડાઓ થયાં છે, તેટલાં અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું, એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય જનસમાજને સમજાયું હશે ! બાહ્યાચાર કાંઈ ધર્મ નથી, સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઈને સરખો વેશ ધારણ કરવો કે સરખી ક્રિયા કરવી તે પણ ધર્મ નથી. ધર્મ, મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા સાથે ધર્મને કોઈ સંબંધ નથી. ધર્મ કોઈનો ધિક્કાર કરવાનું ક્યારેય શીખવતો નથી. ખરો ધર્મ હૃદય-ધર્મ છે. માટે ધર્મ બહાર નથી. અંદર છે. ધર્મ એ અનુભવનો વિષય છે.'

- દાદા ધર્માધિકારી

3 નિબંધ લખો : 'વસંતના વધામણા' 14

**અથવા**

3 નિબંધ લખો : 'મારો મનગમતો પ્રવાસ' 14

4 નિબંધ લખો : 'કોરોનાની જનજીવન પર થયેલી વ્યાપક અસરો' 14

**અથવા**

4 નિબંધ લખો : 'પહેલું સુખ તે જાતે નર્યા' 14

5 નિબંધ લખો : 'બેટી બચાવો બેટી પઢાવો' અથવા મોબાઈલ દૂષણ કે ભૂષણ. 14

**અથવા**

5 નિબંધ લખો : 'દીકરી મારી વ્હાલનો દરિયો' અથવા 'સ્ત્રી સશક્તિકરણ' 14

---